# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. કડી વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના રાજેન્દ્ર ચાવડા અને વિસાવદરમાં આમઆદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયાનો વિજય
2. રાજ્યમાં આજે 135 તાલુકામાં સાર્વત્રિક વરસાદ, સુરતમાં સાડા નવ ઇંચ વરસાદથી જળબંબાકાર
3. ગુજરાત વહીવટી સુધારણા પંચે 10 ભલામણો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ત્રીજો અહેવાલ સોંપ્યો
4. ગુજરાત સહિત 11 રાજ્યોમાં ધમકીભર્યા ઈ-મેઈલ કરતી યુવતીને સાયબર ગુના શાખાએ ઝડપી લીધી
5. પંચમહાલનાં કાજલ ખુશલાણિએ નેપાળમાં યોજાયેલી નૃત્ય સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BYE ELECTION

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું પરિણામ જાહેર કરાયું છે. કડી વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાનો વિજય થયો છે. જ્યારે કોંગ્રેસના રમેશ ચાવડા અને આમઆદમી પાર્ટીના જગદીશ ચાવડાનો પરાજય થયો છે. બેઠકના પરિણામ અંગે ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે પોતાની પ્રતિક્રિયા આ મુજબ આપી.

**(બાઇટ: રજની પટેલ, ભાજપ મહામંત્રી)**

વિસાવદર વિધાનસભા બેઠક પર આમઆદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલીયાને 17 હજાર 581 મતથી વિજેતા જાહેર કરાયા છે. આ બેઠક પર ભાજપના કિરીટ પટેલ, કોંગ્રેસના નીતિન રાણપરીયા અને આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયા વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી. પરિણામ બાદ વિજેતા ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

**(બાઇટ: ગોપાલ ઇટલીયા, વિજેતા ઉમેદવાર)**

ઉલ્લેખનીય છે કે આ બંને બેઠકો પર 19 જૂન મતદાન થયું હતું. કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન અને વિસાવદર બેઠક પરથી ભૂપેન્દ્ર ભાયાણીના રાજીનામાને કારણે આ બંને બેઠકો ખાલી પડી હતી.

. . . . . . . . . . .

# SHAKTISINH RESIGNATION

કડી અને વિસાવદર ચૂંટણીના પરિણામો બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પદેથી શક્તિસિંહ ગોહિલે રાજીનામું આપ્યું છે. જ્યાં સુધી નવા પ્રમુખના નામની જાહેરાત ન થાય ત્યાં સુધી દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષની જવાબદારી સંભાળશે. આ અંગે પત્રકાર પરિષદ યોજી શ્રી ગોહિલે વિધાનસભાની પેટા ચૂંટણીમાં સારા પરિણામો ન મળ્યા એની જવાબદારી સ્વીકારી છે.

(બાઇટ: શક્તિસિંહ ગોહિલ)

. . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યમાં આજે 135 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ સાડા નવ ઈંચ વરસાદ સુરત શહેરમાં વરસ્યો છે. જ્યારે સુરતના કામરેજ અને પલસાણામાં પણ છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તાપી જિલ્લાના ડોલવણમાં ચાર ઇંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 18 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં અતિભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. સાંભળીએ અમારા પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ: લોપા દરબાર)

ભારે વરસાદને પગલે સુરત શહેરમાં રેસ્કયુ કામગીરી માટે સુરત ફાયર કંટ્રોલ વિભાગ દ્વારા ૦૨૬૧-૨૪૧૪૧૯૫, ૨૪૧૪૧૯૬, ૨૪૧૪૧૩૯ તેમજ ૯૭૨૪૩૪૬૦૨૨ સંપર્ક નંબર પર જાહેર કરાયા છે. આ ઉપરાંત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૌ નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા તથા કોઇ પણ આપાતકાલીનમાં ડિઝાસ્ટર ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના 0261-2663200, 2663600, પોલીસ કંટ્રોલ રૂમ નંબર 0261-2241301/2/3 પર સંપર્ક કરવા જણાવાયું છે. સુરત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા શાળાઓ, રહેણાંક વિસ્તારોમાંથી બપોરે 4 વાગ્યા સુધીમાં કુલ 112 વ્યક્તિઓ, બાળકોનું સ્થળાંતર કરાયું હતું. દરમિયાન, સુરત સહિત ઉપરવાસમાં અતિભારે વરસાદના પગલે રાંદેર - સિંગણપોર ક્રોઝવે વાહનવ્યવહાર માટે બંધ કરાયો છે.

રાજ્યના જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો, 15 જેટલા જળાશય હાઇ એલર્ટ પર છે, જ્યારે 10 એલર્ટ પર અને 13 વોર્નિંગ પર છે. 10 જળાશય 100 ટકા સુધી ભરાયા છે. ભારે વરસાદને પગલે અમદાવાદમાં NDRFની એક અને SDRFની બે વડોદરામાં SDRFની બે,  સુરતમાં NDRF અને SDRFની એક-એક ટુકડી તહેનાત રખાઇ છે.

દરમિયાન, રાજ્યમાં અત્યાર સુધી 229 લોકોનું રેસ્ક્યૂ કરાયું છે જેમાં ભાવનગરમાં 128, અમરેલીમાં 69 અને બોટાદમાં 24 લોકોને બચાવાયા છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 4 દિવસ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આજે દાહોદ, વડોદરા, નવસારી, સુરત, છોટાઉદેપુર, ગીરસોમનાથ, ભાવનગર અને દ્વારકામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઇ છે.

**(બાઇટ: એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GARC-REPORT

ગુજરાત વહીવટી સુધારણા પંચ-GARCએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ત્રીજો અહેવાલ સોંપ્યો છે. GARCના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાના દિશાદર્શનમાં પંચના અહેવાલમાં ડિજિટલ માળખા અને વ્યવસ્થાત્મક સુધારાઓના માધ્યમથી પારદર્શક, ઝડપી અને નાગરિક કેન્દ્રિત શાસન સુનિશ્ચિત કરતી 10 ભલામણો કરવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)**

*(ગુજરાત વહીવટી સુધારણા પંચે એક વિદ્યાર્થી - એક આઈ.ડી. - એક પોર્ટલ, નિવૃત્ત સરકારી કર્મચારીઓને પેન્શન વિતરણ માટે સંપૂર્ણ સ્વસંચાલિત પ્રણાલી, સરકારના તમામ વિભાગોના GR સંકલિત કરવા વિશિષ્ટ ટાસ્ક ફોર્સ બનાવવા ભલામણ કરી છે. આ ઉપરાંત રાજ્યના તાલુકા-ગામડાઓની તમામ સરકારી સંપત્તિઓ-સેવાઓની GIS આધારિત પ્રણાલી - પ્રોજેક્ટ ઇન્સ્પેક્શનથી યુ.ટી.સી. સુધીની બાબતો, જાહેર પરિવહન સરકારી બસ સેવાઓમાં ટિકિટ ખરીદી QR કોડ કે UPI માધ્યમથી થઈ શકે તેવી વ્યવસ્થાઓ, DG લોકર સાથે દરેક સરકારી સેવા વિતરણ પ્રણાલી લિંક કરવા સહિતની ભલામણોનો પણ સમાવેશ થાય છે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

. . . . . . . . . .

# AHMEDABAD CYBER CRIME

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, બીજે મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ સહિત કુલ 11 રાજ્યોમાં ધમકી ભર્યા ઈ-મેઈલ કરતી યુવતીને અમદાવાદ સાયબર ગુના શાખાએ ઝડપી લીધી છે. રેની જોશિલડા ગોલ્ડવિન જોસેફ એન્ટોનિયો નામની મહિલા મૂળ તમિલનાડુની એન્જિનિયર છે. પ્રેમીએ લગ્નની ના પાડતા તેને ફસાવવા માટે યુવતી આ કામો કરતી હોવાનું બહાર આવ્યું છે. આ અંગે JCP શરદ સિંઘલે વધુ માહિતી આપી.

**(બાઇટ: શરદ સિંઘલ, JCP)**

. . . . . . . . . . .

# CM Amdavad Jilla

રાજ્યસરકારે અમદાવાદ જિલ્લામાં દસક્રોઈ તાલુકામાં હોસ્પિટલ માટે અને ધોળકા તાલુકામાં હેલિપેડ માટે સરકારી જમીનની ફાળવણીને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દસક્રોઈ તાલુકાના વસઈ ખાતે કુલ ૪ લાખ ૫ હજાર ૫૨૦ ચો.મી. જમીન આરોગ્યલક્ષી સુવિધાઓ માટે તેમજ ૩૦૦ બેડની હોસ્પિટલ બનાવવાના હેતુ માટે ફાળવવાના નિર્ણયને મંજૂરી આપી છે.

આ ઉપરાંત ધોળકા તાલુકાના ઉતેલિયા ખાતે સરકારી ખરાબાની ૨૫ હજાર ચો.મી. જમીન લોથલ ખાતે હેલિપેડ બનાવવા માર્ગ અને મકાન વિભાગને ફાળવવાનો નિર્ણય લેવાયો છે. લોથલમાં ખાતે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ' (NMHC) નિર્માણ પામી રહ્યું છે. ત્યારે હેલિપેડ માટે સરકારી જમીનની ફાળવણીને મંજૂરી આપવાનો

નિર્ણય અમદાવાદ જિલ્લાના વિશ્વ કક્ષાના પ્રવાસન સ્થળના નિર્માણમાં વેગ લાવશે.

. . . . . . . . . . .

# AIR INDIA FACILITATION

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને સહાય ચૂકવવા સિંધુભવન રોડ પર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. અહી એર ઇન્ડિયાના અધિકારીઓ દ્વારા પરિવારના સભ્યો પાસેથી તમામ દસ્તાવેજો મેળવી ચકાસણી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી 3 પરિવારને વળતર ચૂકવાયુ છે.

ઉલ્લેખનીય છે કે તમામ મૃતકોના પરિવારને ટાટા દ્વારા 1 કરોડ રૂપિયા તથા એર ઈન્ડિયા દ્વારા 25 લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

. . . . . . . . . . .

# PANCHMAHAL GOLD MEDAL

પંચમહાલનાં કાજલ ખુશલાણિએ નેપાળમાં યોજાયેલી નૃત્ય સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે, નેપાળમાં યોજાયેલી પાંચમી માઉન્ટ એવરેસ્ટ આંતર-રાષ્ટ્રીય સંગીત અને

નૃત્ય રમતગમત સ્પર્ધામાં પોતાના નૃત્યની આગવી શૈલીનું પ્રદર્શન કરી કાજલે આ સિદ્ધિ મેળવી છે. કાજલનાં પરિવાર સહિત તમામ લોકોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

. . . . . . . . . . .